# વાપી મ્યુન્સિપલ કમિશનરની બદલી નવા અધિકારી તરીકે એન.એફ ચૌધરી મૂકાયા

**વલસાડ** કલેક્ટર ભવ્ય વર્મા અમદાવાદ કલેક્ટર બન્યા તેમના સ્થાને નિતિન સાંગવાન આવશે

વાપી : વાપી મ્યુન્સિપલ કમિશનર યોગેશ ચૌધરીની બદલી જૂનાગઢ કલેક્ટર તરીકે થઈ છે. દોઢ વર્ષના કાર્યકાલમાં યોગેશ ચૌધરીએ વાપી મનપાના પાયાની સુવિધાઓ માટે નોંધપાત્ર કામ કર્યુ છે. બે બજેટ રજૂ કરનાર યોગેશ ચૌધરીએ વાપી મનપાને આરંભના સમયમાં સારી સેવા આપી છે. હવે તેમના સ્થાને વીજીવીસીએલના મેનેજીંગ ડાયરેક્ટર એન.એફ ચૌધરી વાપી મનપાના નવા મ્યુન્સિપલ કમિશનર તરીકે આવી રહ્યા છે. જ્યારે વલસાડ કલેક્ટર ભવ્ય વર્માની બદલી અમદાવાદ કલેક્ટર તરીકે થઈ છે. ભવ્ય વર્માના કાર્યકાળમાં તેમના મૃદુ સ્વભાવને કારણે તેઓ કોઈ વિવાદમાં આવ્યા નથી. નિર્માણ આધિન ટાંકી અને બ્રિજની ઘટના વખતે પણ તેમણે સાલિનતાથી પોતાના નિષ્પક્ષ ભૂમિકા અદા કરી હતી. તેમના સ્થાને ગાંધીનગર રોજગાર સચિવ નિતિન સાંગવાનને વલસાડ કલેક્ટર તરીકે મૂકવામાં આવ્યા છે. આમ વાપી તેમજ વલસાડમાં બે આઈએએસ અધિકારીની બદલી બાદ નવા અધિકારીની નિમણૂંક થઈ છે. હવે બંને અધિકારી ક્યારે ચાર્જ સંભાળે છે તે જોવું રહ્યું.

## કોન્ટ્રાક્ટરના તો પગના ચિન્હ બનાવીને પાલિકામાં તેની પૂજા કરવી જોઈએ

# વલસાડના માજી પ્રમુખે પોતાના પક્ષના શાસકો સામે મોરચો માંડયો

**વોર્ડ નં. ૨** માં પાણીની પાઈપલાઈનનું કામ હલકી ગુણવત્તાનું હોવાનો આક્ષેપ

**ઓડિયો** વાયરલ કરી કોન્ટ્રાક્ટર અને સત્તાધીશો પર આકરા પ્રહારો કર્યા



વલસાડ : વલસાડ શહેરમાં પીવાના પાણીની નવી લાઈન નાખવાની કામગીરી અત્યારે વિવાદના વમળમાં ફસાઈ છે. વલસાડ નગરપાલિકાના માજી પ્રમુખ રાજેશ પટેલ (ઉર્ફે રાજુ મરચા) દ્વારા સોશિયલ મીડિયામાં એક ઓડિયો વાયરલ કરવામાં આવ્યો છે, જેમાં તેમણે પાલિકાના સત્તાધીશો અને કોન્ટ્રાક્ટરની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે.

વલસાડ શહેરના વોર્ડ નંબર 2 મા પીવાના પાણીની પાઈપલાઈન નાખવાનું કામ ચાલી રહ્યું છે, પરંતુ આ કામગીરી અત્યંત હલકી ગુણવત્તાની હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. માજી પ્રમુખ રાજુ મરચાએ આ મુદ્દે મૌન તોડતા પોતાના વોર્ડના ગ્રુપ અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર રોષ વ્યક્ત કર્યો છે. વાયરલ થયેલા ઓડિયોમાં રાજુ મરચાનો અનોખો મિજાજ જોવા મળ્યો હતો.

તેમણે કામગીરીની નબળી ગુણવત્તા પર કટાક્ષ કરતા જણાવ્યું કે, કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવતી કામગીરી સદંતર નબળી છે. તેમણે વ્યંગમાં કહ્યું કે કોન્ટ્રાક્ટરના તો પગના ચિન્હ બનાવીને નગરપાલિકામાં તેની પૂજા કરવી જોઈએ.

માજી પ્રમુખ દ્વારા કરવામાં આવેલા આ આક્ષેપોને પગલે સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

## સાપને પણ ગરમી લાગતા AC નો સહારો લીધો



અમૃત પટેલ

પારડી: સાવધાન! પારડીમાં ચાલુ AC માં આરામ ફરમાવી રહ્યા હતા 3 ઝેરીલા સાપ પારડી જીવદયા ગ્રુપને પારડીના પોણીયા રેલવે ફળિયામાંથી અનુજ પટેલનો ફોન આવ્યો હતો કે તેમના ઘરના AC માં સાપ દેખાયો છે, તે પછી જીવદયા ગ્રુપના પ્રમુખ અલી અંસારીના માર્ગદર્શન હેઠળ સભ્યો યાસીન મુલતાની અને રીશી ઠાકુર તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને જોયા પછી ખબર પડી કે તે AC માં 3 તાંબાપીઠ (બ્રોન્ઝ બેક ટ્રી સ્નેક) નામના બિનઝેરી સાપ ઘૂસી ગયા છે. ૧ થી ૨ કલાકની ભારી જેહમત બાદ ત્રણેય સાપોને સારી રીતે રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. રેસ્ક્યુ પછી ઘરના લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. ત્રણેય સાપોને જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવ્યા હતાં.

# ઉમરગામ પાલિકાના પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી 19 મી તારીખે યોજાશે

**રોસ્ટર** 1 મુજબ સામાન્ય સ્ત્રી પ્રમુખ તરીકે ઉમેદવારી નોંધાવી શકશે

ઉમરગામ : ઉમરગામ નગરપાલિકાના પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી આગામી 19 મી મે ના રોજ યોજાશે. રોસ્ટર 1 મુજબ સામાન્ય સ્ત્રી પ્રમુખ તરીકે ઉમેદવારી નોંધાવી શકશે.

ઉમરગામ નગરપાલિકાની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં કુલ 7 વોર્ડની 28 બેઠકોમાંથી ભાજપે 19 બેઠકો મેળવી બહુમતી હાસિલ કરી છે. કોંગ્રેસને 8 બેઠકો અને 1 બેઠક અપક્ષના ફાળે ગઈ છે હવે આગામી 19 મી મે ના રોજ બપોરે 12:30 કલાકે ઉમરગામ નગરપાલિકાની કચેરી ખાતે પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી માટે સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે. નાયબ કલેક્ટર પારડીના અધ્યક્ષ સ્થાને પ્રમુખ પ્રમુખની ચૂંટણી યોજાશે. રોસ્ટર એક મુજબ ચૂંટાયેલા સભ્યોમાંથી સામાન્ય સ્ત્રી પ્રમુખ તરીકે ઉમેદવારી કરી શકશે.

વલસાડ ખાતે ભાજપ દ્વારા પ્રમુખ ઉપપ્રમુખ માટે સેન્સ લેવાની પ્રક્રિયા ગત તારીખ 3 મે 2026 ના રોજ રવિવારે હાથ ધરાઈ હતી. તે વખતે ઉમરગામ નગરપાલિકાના પ્રમુખ પદ માટે ઓબીસી સામાન્ય ઉમેદવારની પસંદગી માટે સેલ્સ લેવામાં આવ્યા હતા. તે પછીથી ખબર પડી હતી કે ઉમરગામ નગરપાલિકા માટે રોસ્ટર એક મુજબ સામાન્ય સ્ત્રી પ્રમુખ તરીકે હોય ભારે હાસ્ય રેલાયુ છે.

## વિરાવળ બ્રિજ પર અકસ્માતમાં ટાટા નેક્સનની ટક્કરે હોન્ડા જેઝના ફુરચા ઉડયા

નવસારી : નવસારીથી સુરત તરફ જતા માર્ગ પર આ અકસ્માત બન્યો હતો. મોટા બજારમાં રહેતી મોનીકા ઝવેરી હોન્ડા જેઝ કાર લઈને પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન પાછળથી આવી રહેલી ટાટા નેક્સન કારના ચાલકે ટક્કર મારી હતી. અથડામણના કારણે હોન્ડા જેઝ કારને નુકસાન પહોંચ્યું હતું. અકસ્માત બાદ બ્રિજ પર વાહનવ્યવહાર પણ અસરગ્રસ્ત બન્યો હતો.

ઘટના અંગે મોનીકાબેને નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી કારચાલક મિત્રાંગ જિતેન્દ્રસિંહ ચૌહાણ સામે મોટર વાહન અધિનિયમ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સમગ્ર મામલે વધુ તપાસ પોલીસ દ્વારા ચાલુ હોવાનું જાણવા મળ્યું છે.

# વસ્તી ગણતરીની કામગીરી મુદ્દે શિક્ષકોમાં ભારે રોષ

**વાપીમાં** ઓર્ડર રદ કરવા મ્યુનિસિપલ કમિશનરને આવેદન પાઠવ્યું



વાપી : વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં વસ્તી ગણતરીની કામગીરીને લઈને શિક્ષકો અને કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. બુધવારે વાપી નગરપાલિકાના પ્રમુખ વસ્તી ગણતરી અધિકારી અને મ્યુનિસિપલ કમિશનરને એક લેખિત આવેદનપત્ર પાઠવી વસ્તી ગણતરીના ઓર્ડર રદ કરવાની માંગ કરવામાં આવી છે.

આવેદનપત્રમાં રજૂઆત ક રવામાં આવી છે કે, વાપી મહાનગરપાલિકા હેઠળ આવતા બી.એલ.ઓ. (BLO) અને અન્ય કર્મચારીઓને અગાઉ વસ્તી ગણતરીની કામગીરીમાંથી મુક્તિ આપવાની બાંહેધરી આપવામાં આવી હતી. તેમ છતાં, વહીવટી તંત્ર દ્વારા ફરીથી વસ્તી ગણતરીના ઓર્ડર કરવામાં આવતા શિક્ષકોમાં અસંતોષ ફેલાયો છે. કર્મચારીઓએ આ ઓર્ડર તાત્કાલિક અસરથી કેન્સલ કરવા વિનંતી કરી છે. આ રજૂઆતમાં વાપીની વિવિધ શાળાઓ જેવી કે પટેલ કન્યાશાળા, ચલા મુખ્ય શાળા, નાયકવાડ પ્રાથમિક શાળા, સુલપડ મુખ્ય પ્રાથમિક શાળા અને જે.એ. પટેલ હાઈસ્કૂલના અંદાજે 45 થી વધુ શિક્ષકો અને સુપરવાઈઝરો જોડાયા હતા. જેમાં પરમાર હિનાબેન, નિલિમાકુમારી પટેલ, પારુલબેન શાહ, વિદિશાબેન ગાવિત અને બીજલબેન પટેલ સહિતના અનેક કર્મચારીઓએ સહી કરી સામૂહિક વિરોધ નોંધાવ્યો છે. હવે જોવાનું એ રહે છે કે મહાનગરપાલિકા આ રજૂઆતને ધ્યાને લઈને શિક્ષકોને વસ્તી ગણતરીની ફરજમાંથી મુક્તિ આપે છે કે નહીં.

## નિયમો નેવે મૂકી ધમધમતા ફાર્મ સામે પંચાયતે ફટકારી બીજી નોટિસ

# વલસાડના ચિંચાઈમાં પોલ્ટ્રી ફાર્મની ગંદકીથી ગ્રામજનોનું જીવવું હરામ

**લોકોની** હવે આરપારના જંગની તૈયારી, ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી

**આંગણવાડી** અને શાળાના બાળકોના આરોગ્ય સામે મોટું જોખમ



### ફાર્મ દ્વારા વીજ બિલ પણ ભરવામાં આવતું નથી

એટલું જ નહીં, ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે આ ફાર્મ દ્વારા વીજ બિલ પણ ભરવામાં આવતું નથી. વારંવારની નોટિસો છતાં અધિકારીઓ મૌન સેવી રહ્યા છે. હવે ચિંચાઈ ગામના રહીશોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જો આ પોલ્ટ્રી ફાર્મ કાયમ માટે બંધ કરવામાં નહીં આવે, તો તેઓ આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન છેડશે.

વલસાડ : વલસાડ તાલુકાના ચિંચાઈ ગામે રહેણાંક વિસ્તારમાં આવેલા એક પોલ્ટ્રી ફાર્મે સ્થાનિકોનું જીવવું દુષ્કર બનાવી દીધું છે. ચેતન મણીલાલ પટેલ નામના વ્યક્તિ દ્વારા ચલાવવામાં આવતા આ પોલ્ટ્રી ફાર્મની અસહ્ય ગંદકી અને મૃત મરઘાઓને કારણે ગામમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત સેવાઈ રહી છે. ગ્રામ પંચાયત દ્વારા ફાર્મના માલિકને બીજી નોટિસ ફટકારવામાં આવી છે, તેમ છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી ન થતા હવે ગ્રામજનોએ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે. વલસાડનું ચિંચાઈ ગામ અત્યારે ભયંકર દુર્ગંધ અને માંદગીના ખપ્પરમાં હોમાઈ રહ્યું છે. અહીં રહેણાંક વિસ્તારની એકદમ નજીક પોલ્ટ્રી ફાર્મ આવેલું છે.

છેલ્લા એક વર્ષથી આ ફાર્મની ગંદકી અને ત્યાં જ નાખવામાં આવતા મૃત મરઘાઓને કારણે રહીશોનું શ્વાસ લેવું પણ મુશ્કેલ બન્યું છે. નવાઈની વાત તો એ છે કે, આ ફાર્મની નજીકમાં જ આંગણવાડી, પ્રાથમિક શાળા અને દૂધની ડેરી આવેલી છે, જ્યાં નાના બાળકો અને ગ્રામજનોની સતત અવરજવર રહે છે. સ્થાનિકોના આરોગ્યને ધ્યાને રાખીને ગામના મહિલા સરપંચ સરલાબેન પટેલે પંચાયત મારફતે પોલ્ટ્રી ફાર્મના માલિકને 'નોટિસ-૨' પાઠવી છે અને તાત્કાલિક યોગ્ય પગલાં લેવા આદેશ આપ્યો છે. આરોગ્ય વિભાગની તપાસમાં પણ બહાર આવ્યું છે કે, ફાર્મમાં જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવતો નથી અને મરઘાના ચરકની સફાઈ ન થતી હોવાથી માખી-મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. ગ્રામજનોએ આ અંગે મામલતદાર સહિતનાને રજૂઆતો કરી છે.

# બર્ડ ફ્લૂની દસ્તકથી ચીખલીના ૧૪૦ પોલ્ટ્રી ફાર્મોમાં સઘન સર્વે શરૂ

**ફાર્મ** માલિકોને બિનજરૂરી અવરજવર ટાળવા અને જંતુનાશક દવાઓના છંટકાવ માટે માર્ગદર્શિકા અપાઇ



ધર્મેશ પટેલ

ઘેજ : પાડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં બર્ડ ફ્લૂના કેસો મળી આવ્યા બાદ હરકતમાં આવેલા પશુપાલન વિભાગ દ્વારા ચીખલી તાલુકામાં પણ પોલ્ટ્રી ફાર્મોમાં સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે.

મહારાષ્ટ્ર રાજ્યમાં બર્ડ ફ્લૂના કેસો મળી આવતા સંક્રમણ ગુજરાત રાજ્યમાં ન ફેલાઈ તેની તકેદારીના ભાગરૂપે પશુપાલન વિભાગ દ્વારા તાલુકાના પોલ્ટ્રી ફાર્મોમાં સર્વેની કામગીરી હાથ ધરી છે. તાલુકામાં મોટાપાયે પોલ્ટ્રીનો વ્યવસાય ધમધમી રહ્યો છે ત્યારે બર્ડ ફ્લૂનું સંક્રમણ ન ફેલાઈ તે માટે પશુપાલન વિભાગ સક્રિય થયો છે. તાલુકામાં અંદાજે ૧૪૦ જેટલા પોલટ્રી ફાર્મ છે. પશુપાલનના અધિકારીઓ દ્વારા પોલ્ટ્રી ફાર્મના માલિકો, સંચાલકોને જરૂરી તકેદારી રાખવા માટે માર્ગદર્શન આપવામાં આવી રહ્યુ છે. અને માલિકો દ્વારા માર્ગદર્શિકા પણ જાહેર કરવામાં આવી છે. જેમાં રોગના જંતુઓ ચેપગ્રસ્ત ફાર્મમાંથી વર્કરો, મનુષ્યના કપડાં, ચંપલ, બૂટ, બહારના જંગલી પક્ષીઓ તંદુરસ્ત ફાર્મમાં ફેલાઈ છે. જેથી ફાર્મમાં બિનજરૂરી લોકોની મુલાકાત ટાળવી જોઈએ, બોઇલર ફાર્મમાં એક જ ઉંમરના પક્ષી એક સાથે ફાર્મમાં લાવવા અને એક સાથે બધા પક્ષીઓનો નિકાલ થયા પછી ફાર્મની સફાઈ કરી દવાનો સ્પ્રે કરી બીજા પક્ષી લાવવા જોઈએ, ફાર્મમાં પૂરતી હવા ઉજાસવાળુ હોવા સાથે ઉંદરો ન પ્રવેશી શકે તે પ્રકારની વ્યવસ્થા હોવી જોઈએ સહિતનો સમાવેશ થાય છે.

# ચીખલીના ફડવેલમાં વાહનની ટક્કરથી રાષ્ટ્રીય પક્ષી મોરને ઈજા



ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલીના ફડવેલ ગામે સામળા દેવ મંદિર પાસે રાષ્ટ્રીય પક્ષી મોર રસ્તો ઓળંગી રહ્યો હતો. દરમ્યાન અજાણ્યા વાહનની ટક્કરથી મોરના બંને પગ અને બંને પાંખોમાં ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ ફડવેલ તાલુકા પંચાયતના પૂર્વ સભ્ય મહેશભાઈ, સરપંચ પતિ હરિશભાઈ તેમજ ગામના અગ્રણી નલીનભાઈ સહિતના લોકો તાત્કાલિક સ્થળ પર દોડી જઈ બનાવ અંગે વન વિભાગને જાણ કરતા વન વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી ઈજાગ્રસ્ત મોરનો કબ્જો મેળવી વેટરનરી ડોક્ટર પાસે તબીબી સારવાર શરૂ કરવામાં આવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ધરમપુરની કોલેજના અધ્યાપિકાનો નિવૃત્તિ વિદાય સમારોહ સંપન્ન



વલસાડ : ધરમપુરની શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ગુજરાતી વિષયના અધ્યાપિકા ડો. મીતાબેન ઠાકોરલાલ પારેખનો નિવૃત્તિ વિદાયમાન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે રંગપૂજા થીયેટર્સના પ્રમુખ સતીષભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વયમર્યાદાને કારણે શિક્ષક નિવૃત્ત થાય છે, પરંતુ વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવતા ડો. મીતાબેનની શૈક્ષણિક અને સંઘર્ષમય યાત્રા એક પ્રેરણાદાયી પુસ્તક સમાન છે. બી.કે.એમ. સાયન્સ કોલેજના નિવૃત્ત પ્રોફેસર કમલેશ પારેખે જણાવ્યું કે, વિદ્યાર્થી અવસ્થામાં દ્રષ્ટિ ઝાંખી થઈ હોવા છતાં, ડો. મીતાબેને હિંમત હાર્યા વગર માતા-પિતાના સહયોગથી સફળતાના સર્વોચ્ચ શિખરો સર કર્યા છે. જાણીતા ડોક્ટર જનક પારેખે તેમના જીવનને 'મોટીવેશનલ પુસ્તક' અને પૂર્વ આચાર્ય યોગેશકુમાર ભટ્ટે 'શિક્ષક કદી નિવૃત્ત થતો નથી' તેમ કહી બિરદાવ્યા હતા. પોતાના વળતા પ્રતિભાવમાં ડો. મીતાબેને જણાવ્યું કે, કુટુંબ, સમાજ અને સંસ્થાના સહયોગ વિના આવી શૈક્ષણિક સિદ્ધિ મેળવવી દુષ્કર છે. આ કાર્યક્રમમાં ડો. વી.ડી. પટેલે તેમની જીવન ઝાંખી રજૂ કરી હતી. આ પ્રસંગે ડો. પારૂલબેન દેસાઈ, પ્રા. વર્ષા પટેલ અને વલસાડ દમણિયા સોની સમાજના પ્રમુખ સૌરવ પારેખ, ફાલ્ગુનીબેન પારેખ, વારિજ પારેખે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતાં. સંગીતકાર નીતિન પટેલ, દેવશભાઈએ ભાવનાત્મક ગીતો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન રાજવી પટેલ, પ્રમિત પારેખ અને ઋજુતા પારેખે કર્યુ હતું.

### વાપીની સાન્દ્રાબેન શ્રોફ જ્ઞાનધામ સ્કૂલનું ધો.૧૨ સીબીએસઈ બોર્ડમાં 100 ટકા પરિણામ



વાપી : વાપીની સાન્દ્રાબેન શ્રોફ જ્ઞાનધામ સ્કૂલનું ધો.૧૨ સીબીએસઈ બોર્ડમાં 100 ટકા પરિણામ આવ્યું છે. સાયન્સ પ્રવાહમાં ૬૩ પરીક્ષાર્થીઓમાંથી ૬૩ ઉતિર્ણ થયા છે. જે પૈકી ૪૦ પરીક્ષાર્થીએ ૭૫ ટકાથી વધુ માર્કસ મેળવ્યા છે. જ્યારે કોમર્સમાં ૮૦ પરીક્ષાર્થીમાંથી ૮૦ ઉતિર્ણ થયા હતા. જેમાં ૫૯ પરીક્ષાર્થીઓએ ૭૫ ટકાથી વધુ માર્કસ મેળવ્યા હતા. હ્યમિનીટીઝમાં ૨૦માંથી ૨૦ પરીક્ષાર્થી ઉતિર્ણ થયા હતા. જેમાં ૧૪ પરીક્ષાર્થી ૭૫ ટકાથી વધુ માર્કસ મેળવી ઉતિર્ણ થયા છે. સાયન્સ પ્રવાહમાં જુલૈન હેલર ૯૫.૬ ટકા સાથે સ્કૂલમાં પ્રથમ ક્રમે, જ્યારે બીજાક્રમે તાનિશા સેલવન નદાર ૯૪ ટકા સાથે તથા ત્રીજા સ્થાને શ્રેયશ મનિષ જૈન ૯૩.૮ ટકા સાથે ઉતિર્ણ થયા હતા. કોમર્સ પ્રવાહમાં સ્કૂલમાં પ્રથમ સ્થાને ઋષભ અલ્પેશ શાહ ૯૮.૮ ટકા સાથે જ્યારે બીજા ક્રમે દિવ્યા સંદિપ કાકરિયા ૯૭.૨ ટકા તેમજ ત્રીજા સ્થાને બે પરીક્ષાર્થીમાં ખુશી શર્મા તેમજ સભ્ય વિશાલ રૂંગટા ૯૫.૪ ટકા મેળવ્યા છે. હ્યુમિનિટીઝ પ્રવાહમાં પ્રથમ ક્રમે અસ્મિતા સિંગ ૯૭ ટકા સાથે, દિયા દેસાઈ તેમજ વિશ્વકર્મા જયોતિકેશ્વર ૯૫.૨ ટકા મેળવી બીજા ક્રમે તથા ત્રીજા ક્રમે મહેશ સંતોષ બિશ્નોઈ ૯૩.૬ ટકા મેળવી સ્કૂલમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. હિંદુસ્તાન મ્યુઝિકમાં સ્તુતિ મેહુલ શાહ તથા અંકાના અવિજિત ચેટર્જીએ ૧૦૦માંથી ૧૦૦ માર્કસ મેળવ્યા હતા. એકાઉન્ટસિમાં ઋષભ શાહ, બિઝનેસ સ્ટડીઝમાં ચાવી જૈન તથા પોલિટીકલ સાયન્સમાં અસ્મિતા સિંગે ૧૦૦માંથી ૧૦૦ માર્કસ મેળવી સ્કૂલનું નામ રોશન કર્યુ છે. સ્કૂલ મેનેજમેન્ટ તરફથી ઉતિર્ણ થનાર બધા વિદ્યાર્થીઓને શુભચ્છા આપવામાં આવી છે.

### બાઈક પર લગ્નમાં જઈ રહેલા યુવકનું કાર અડફેટે મોત



અમૃત પટેલ

પારડી: પારડીના વરઈ ગામના આહીર ફળિયામાં રહેતા ૩૫ વર્ષીય યુવાનને માર્ગ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થયા બાદ ચાર દિવસની સારવારના અંતે મોત નીપજ્યું છે. આહીર ફળિયામાં રહેતા ૩૫ વર્ષીય નરવત ઉર્ફે નરેશભાઈ રમણભાઈ પટેલ પોતાની હીરો સ્પેલન્ડર મોટરસાઈકલ (નં.GJ 15 EG 1569) પર સવાર થઈને ફળિયામાં જ આયોજિત એક લગ્નપ્રસંગમાં હાજરી આપવા જઈ રહ્યા હતા ત્યારે આસ્મા રોડ પર સામેથી આવી રહેલી એક બેફામ મારૂતી વેગનઆર કાર (નં.GJ 21 M 8961)ના ચાલકે ગફલતભરી રીતે હંકારી લાવી નરેશભાઈની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં નરેશભાઈને માથાના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડ્યા બાદ વધુ સારવાર માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં રિફર કરાયા હતા. જો કે ચાર દિવસની સારવાર બાદ તેમનું મોત નીપજ્યું હતું. ફરિયાદના આધારે પારડી પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### બીલીમોરાની હોસ્પિટલમાં નર્સિસ ડે ની ઉજવણી



કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરા મેંગુશી હોસ્પિટલમાં મંગળવારે નર્સિસ ડે ની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે નર્સિંગસ્ટાફે હોસ્પિટલમાં સારવારગ્રસ્ત દર્દીઓને ફ્રૂટ વિતરણ કર્યા હતા. ૧૨'મે નાં રોજ દરવર્ષે આંતરરાષ્ટ્રીય નર્સ ડે મનાવવામાં આવે છે. વર્ષો અગાઉ યુદ્ધમાં ઘાયલ સૈનિકોના દેવદૂત નર્સ ફ્લોરેન્સ નાઇટિંગલ લેડી વિથ ધ લેમ્પના માનમાં વર્લ્ડ નર્સિંગ ડે ઉજવવામાં આવે છે. બીલીમોરા મેંગુશી હોસ્પિટલમાં નર્સિંગ વિભાગના કરન પટેલ સહિત સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

### શેરબજારના નામે રૂપિયા 1.46 કરોડની છેતરપિંડીના આરોપીની જામીન અરજી નામંજૂર

વલસાડ : દમણના એક રહીશ સાથે શેરબજારમાં રોકાણના બહાને રૂપિયા 1.46 કરોડની ઓનલાઇન છેતરપિંડી કરવાના ગંભીર ગુનામાં સંડોવાયેલા આરોપીની જામીન અરજી વાપીની એડિશનલ સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે. એડિશનલ સેશન્સ જજ પુષ્પા સૈનીએ સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીને જેલ હવાલે જ રાખવાનો હુકમ કર્યો છે. આ કેસની વિગત મુજબ, વાપીના એક વ્યક્તિને શેરબજારમાં ઊંચા વળતરની લાલચ આપી ઓનલાઇન માધ્યમથી કુલ રૂપિયા 1.46 કરોડની ઠગાઈ કરવામાં આવી હતી. આ અંગે વલસાડ સાઇબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે, આરોપી નરેન્દ્ર મહેશભાઈ માલીએ ઠગાઈના નાણાં મેળવવા માટે પોતાનું બેંક એકાઉન્ટ પૂરું પાડ્યું હતું. વલસાડ સાઇબર ક્રાઇમ પોલીસે આરોપી નરેન્દ્ર માલીની ધરપકડ કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. ત્યારબાદ આરોપીએ જેલમાંથી મુક્ત થવા માટે રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી. આ સુનાવણી દરમિયાન ડી.જી.પી. અનિલ ત્રિપાઠી દ્વારા ધારદાર દલીલો કરવામાં આવી હતી. એડિશનલ સેશન્સ કોર્ટે ગુનાની ગંભીરતા અને પુરાવાઓને ધ્યાને રાખીને આરોપી નરેન્દ્ર માલીની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરતો આદેશ કર્યો હતો.